ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬,
ટેલિગ્રામ : યુનિગુજરાત,

# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/૬૦૧૮૮/૨૦૧૪**

**પરિપત્ર નં. :** ૨૧૦

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**તા. ૧૫-૯-૨૦૧૪**

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. તથા બી.સી.એ. (UG) વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને, ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, આગામી નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૪ માસમાં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

**યુનિવર્સિટીમાં ફોર્મ મોકલવાની તારીખ (UG B.A., B.Com., B.Sc., B.B.A. અને B.C.A. માટે)**

| પરીક્ષા | નિયત ફી સાથે છેલ્લી તારીખ | લેટ ફી રૂ. ૧૦/- સાથે છેલ્લી તારીખ |
|---|---|---|
| સેમેસ્ટર-૩ | ૧૦-૧૦-૨૦૧૪ | ૧૭-૧૦-૨૦૧૪ |
| સેમેસ્ટર-૫ | ૧૦-૧૦-૨૦૧૪ | ૧૭-૧૦-૨૦૧૪ |
| સેમેસ્ટર-૧ | ૧૦-૧૦-૨૦૧૪ | ૧૭-૧૦-૨૦૧૪ |

**ત્યાર બાદ કોઈ પણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

## નીચેની પરીક્ષાઓની Online એન્ટ્રી કરવાની છે.

(૧) ઓર્ડિ.ની જોગવાઈ મુજબ B.A., B.Com., B.Sc., B.B.A. અને B.C.A. પરીક્ષાનાં નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | પરીક્ષા ફી | પ્રેક્ટિકલ ફી | ફોર્મ ફી | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | B.A. Semester-૧, ૩ અને ૫ | ૧૭૫/- | ---- | ૨૫-૦૦ | **૨૦૦-૦૦** |
| ૨. | B.Com. Semester-૧, ૩ અને ૫ | ૧૭૫/- | ---- | ૨૫-૦૦ | **૨૦૦-૦૦** |
| ૩. | B.Sc. Semester-૧, ૩ અને ૫ | ૧૭૫/- | ૧૫૦-૦૦ | ૨૫-૦૦ | **૩૫૦-૦૦** |
| ૪. | B.B.A. Semester-૧, ૩ અને ૫ | ૫૦૦/- | --- | ૨૫-૦૦ | **૫૨૫-૦૦** |
| ૫. | B.C.A. Semester-૧, ૩ અને ૫ | ૫૦૦/- | --- | ૨૫-૦૦ | **૫૨૫-૦૦** |

(a) આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રેક્ટિકલ લેવામાં આવતી હોય તે વિષયો માટે કુલ ફી રૂ. ૨૫૦/- અને અન્ય વિષયો માટે રૂ. ૨૦૦/- લેવાની રહેશે..

(૨) યુનિવર્સિટીમાં Online એન્ટ્રી કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાની રહેશે.

(૩) પરીક્ષા આવેદનપત્ર સાથે (રીપિટર) વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે અને એનું બંચ અલગથી જમા કરાવવું.

*[P.T.O.*

(૪) આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે રૂમ નં. ૧૪ યુનિવર્સિટી કાર્યાલયમાં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે. (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)

(૫) યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

(૬) અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

(૭) **કૉલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ આપવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

**કે. ડી. વોરા**
કા. પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.બી.એ. તથા બી.સી.એ. વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ
(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,
(૩) ટકુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,
(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,
(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,
(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.